**પૂર્વછાયો**- **વળી** પાંચાળ દેશમાં, કાજુ કારીયાણી ગામ ।
અનંત લીળા ત્યાં કરી, હરિએ કર્યું નિજધામ ॥૧॥
તેહ ગામમાં જે વસે, નરનારી આદિજન ।
ભાવાભાવે ભગવાનનાં, સહુને થયાં દર્શન ॥૨॥
સમજુ થયાં સતસંગી, અણસમજુ રહ્યાં એમ ।
પાપી નરે પરમોદિયાં, તે કુસંગ તજશે કેમ ॥૩॥
પણ દર્શન જેને દયાળનું, તે નિષ્ફળ નવ જાય ।
અંતસમે અવશ્ય આવી, શ્રીહરિ કરે છે સહાય ॥૪॥

**ચોપાઇ**- તેની વાત સાંભળજ્યો સહુ, થયું જેમ તેમ હવે કહું ।
એક કાઠી કુસંગી અપાર, નામ માણશિયો નિરધાર ॥૫॥
તેતો સાજો શરીરમાં સુખી, લવલેશ દેહ નહિ દુઃખી ।
સહજ સ્વભાવે બેઠો તો બાર, આવ્યા જમ લેવા તેને ચાર ॥૬॥
અતિકાળા ને કરૂર વાણી, જેને જોઇ જીવે નહિ પ્રાણી ।
બહુ ભૂખ્યા ભૂંડા ભયંકર, હાથે પાશ પર્સુ હથિયાર ॥૭॥

બેઠા બે જણા લોહને ગાડે, બીજા બે જણા બેઠા છે પાડે ।
પછી ગાડે પાડેથી ઉતરી, લીધો કાઠિને કબજે કરી ॥૮॥
દઈ માર ને મોર લૈ કિધો, જમે એમનો એમ જ લીધો ।
મારે બહુ પાડે બુમરાણ, તોય મેલે નહિ જમરાણ ॥૯॥
કહે કુસંગી કેમ તું રહ્યો, તજી સ્વામી અમારો શું થયો ।
જો તું પડ્યો અમારે જ પાને, તો તું સુખ ઈચ્છે હવે શાને ॥૧૦॥
બોલ્યો માણશિયો તેહ વારે, છે સ્વામીજીનું દર્શન મારે ।
બીજું તો મેં કાંઈ નવ કર્યું, કર્યું તેમાંતો આવું નિસર્યું ॥૧૧॥
હવે કરે તો કરે સ્વામી વાર, તે વિના બીજો નથી આધાર ।
એમ કહેતાં આવ્યા અવિનાશ, જમ મેલી ભાગ્યા પામી ત્રાસ ॥૧૨॥
પછી આવ્યો માણસિયો ઘેર, કહે નાથે ઉગાર્યો આ વેર ।
એમ કરતાં વીતિ ઘડી ચાર, આવ્યા નવ કૃતાંત તે વાર ॥૧૩॥
તેણે તરત મારી લીધો મોર, પાડે માણશિયો બહુ બકોર ।
જમ કહે રખે ગામ જગાડે, લઈ જાઈએ એને ઉપરવાડે ॥૧૪॥
ત્યારે બીજો કહે જાશું ભાગોળે, એક કહે સંત હશે આગળે ।
એક કહે સંત નથી જો આંહિ, શિદ બીક રાખો મનમાંહિ ॥૧૫॥
પછી લઈ ચાલ્યા ગામ બાર, આવ્યા અલબેલો તેહવાર ।
કરી રીસ કિંકરને કહ્યું, કેમ ફુટ્યું છે મૂરખો હૈયું ॥૧૬॥
આ ગામમાંહિ વસે છે જન, જેને છે મારું સંતદર્શન ।
તેને લેવા આવોછો અભાગી, શિદને મોત લીયો છો માગી ॥૧૭॥
જાઓ આ ગામની મેલી આશ, એમ કહે જમને અવિનાશ ।
તે માણશિયે સર્વે સાંભળી, જેવી વીતિ તેવી કહી વળી ॥૧૮॥
સુણિ કહેવા લાગ્યા જન સહુ, આતો પરચો થયો મોટો બહુ ।
**વળી** એ ગામમાં એક સઈ, નામ માવો તે સતસંગી નઈ ॥૧૯॥
તેના દેહનો આવિયો અંત, કહું તેનું હવે વરતંત ।
તેને લેવા આવ્યા જમ ત્રણ, લીધો જીવ પામિયો મરણ ॥૨૦॥
જ્યારે જીવ લઈ જમ વળ્યા, ત્યારે સંતરૂપે સ્વામી મળ્યા ।

કહે જમપ્રત્યે જન એમ, એ જીવને લીધો તમે કેમ ॥૨૧॥
કહે જમ એ કુસંગી સઈ, તેને જાશું જમપુરે લઈ ।
ત્યારે સંત કહે નહિ લેવાય, તમે કરશો જો કોટિ ઉપાય ॥૨૨॥
એતો કરેછે કામ અમારું, તેને તેડું ન જોઈએ તમારું ।
ત્યારે જમ કહે નથી તમારો, શીદ એ જીવને લેતાં વારો ॥૨૩॥
એ જે કામ તમારું કરે છે, તેતો કોઈક થકી ડરે છે ।
ત્યારે સંત કહે સાચું કહ્યું, પણ સંતસેવા ફળ ગયું ॥૨૪॥
માટે એ વાતમાં ખોટ્ય મોટી, જાઓ મેલી થાઓ શીદ ખોટી ।
પછી જમ ગયા જખ મારી, સંતે લીધો એ જીવ ઉગારી ॥૨૫॥
આવ્યો દેહમાંહિ માવો જ્યારે, વીતિ વાત કહી સર્વે ત્યારે ।
પામ્યા આશ્ચર્ય સહુ સાંભળી, થયો પરચો કહે જન મળી ॥૨૬॥
**વળી** એ ગામમાં સથવારો, નામ ત્રિકમ સતસંગી સારો ।
તેને આવ્યું ટુંટિયું અનાડી, પેસી તનમાં તાણી છે નાડી ॥૨૭॥
હાથ પગ રગ લીધી તાણી, થયો પરવશ બોલી બંધાણી ।
પછી તરત જીવ તેનો કાઢી, ચાલ્યું ટુંટિયું તેહને પાડી ॥૨૮॥
ત્યારે ત્રિકમે કર્યું સ્મરણ, આવો નાથ હું પામિયો મરણ ।
એવું સુણી આવ્યા અવિનાશ, સંગે ભક્ત માંચો વીરદાસ ॥૨૯॥
કહે નાથ ટુંટિયાને એમ, એહ જીવને લિધો તેં કેમ ।
એતો શરણ છે જો અમારે, તેને લેવા ન આવવું તારે ॥૩૦॥
આ ગામમાં તારે ન ગરવું, જો તું ઈચ્છે મનમાં ઉગરવું ।
કાઢ્યું ટુંટિયું તગડી બાર, વાલે કરી છે જનની વાર ॥૩૧॥
મેલી ગયા ત્રિકમને નાથ, તેડી ગયા ડોશી એક સાથ ।
પછી ત્રિકમે તનમાં આવી, કરી વાત સહુને બોલાવી ॥૩૨॥
કહે મારે માથે બહુ થઈ, મને ગયું તું ટુંટિયું લઈ ।
તેને હાથથી નાથે મુકાવી, મને મેલ્યો આ દેહમાં લાવી ॥૩૩॥
મારે સાટે જશે પુરીબાઈ, વાત સાચી માનો મનમાંઈ ।
સુણી સહુ થયાં છે વિસમે, તજ્યું તન પુરિયે તે સમે ॥૩૪॥

મળી વાત લાગી નહિ વાર, પામ્યાં આશ્ચર્ય સહુ નરનાર ।
કહે થયો પરચો આ મોટો, હશે પાપી તે પરઠશે ખોટો ॥૩૫॥
**વળી** ગઢડે વણિક એક, તેતો કુળે સહિત નાસ્તિક ।
કહે કર્મવડે સર્વ થાય, એવું સમજી રાખ્યું મનમાંય ॥૩૬॥
રામ કૃષ્ણ આદિક અવતાર, તેનો પણ નહિ તેને ભાર ।
એવો ઢુંઢિયે ઢાબરી પાડ્યો, મોક્ષમારગ કર્મે દેખાડ્યો ॥૩૭॥
કર્યું પાપિએ પાપિનું કામ, ટાળી નાખ્યું બિચારાનું ઠામ ।
ત્યાંતો આવિયો દેહનો કાળ, આવ્યા તેડવા જમ વિકરાળ ॥૩૮॥
આવી ઘેરી લીધો ઘરમાંઇ, મોટા મુદગર છે કરમાંઇ ।
મારોમારો કરે મુખવાણ, કાઢો બારે કહે જમરાણ ॥૩૯॥
પછી હીમે હૈયામાં વિચારી, જોયા ઢુંઢિયા સર્વે સંભારી ।
પણ કોઇથી કાજ ન સર્યું, તેમતેમ જમે જોર કર્યું ॥૪૦॥
ત્યારે થયો નિરાશી અત્યંત, પછી સંભાર્યા સ્વામી ને સંત ।
કરતાં ચિંતવણી ચિત્તમાંઇ, આવ્યા સંત ને મહારાજ ત્યાંઇ ॥૪૧॥
લાવ્યા લોહની ગેડિયો હાથે, આવી મારિયો જમને માથે ।
પાડી રાડ્ય ભાગ્યા જમરાણ, દિઠા હીમે તે પ્રકટ પ્રમાણ ॥૪૨॥
પામ્યો આશ્ચર્ય પરચો થયો, કેને ન કહ્યું સમજી રહ્યો ।
થયું સુખ શરીરમાં જ્યારે, કરી વાત વિસ્તારી તે ત્યારે ॥૪૩॥
કહે પામ્યો હું પરચો મોટો, આપણો મત માનજ્યો ખોટો ।
જો ન કરે સ્વામી સંત વાર, તો હું મરત ખાઇખાઇ માર ॥૪૪॥
મેં દિઠું નજરે મોત મારું, પામ્યો દુઃખ હું શું શું સંભારૂં ।
આપણામાં કાંઇ ન ઉઘડ્યું, ખરા ખોટાનું પારખ્યું પડ્યું ॥૪૫॥
હવે જ્યાં લગી રહેશે આ તન, કરીશ મહારાજનું ભજન ।
એમ પર્ચાનો નહિ આવે પાર, થાય હમેશ હજારો હજાર ॥૪૬॥
કેતાં કેતાં કિયાં લગી કહીએ, અપરમનો પાર ન લહીયે ।
આગે પરચા કવિએ કહ્યા, તેતો ઠીક એટલા જ થયા ॥૪૭॥
પણ આજનો અંત ન આવે, મર કોટી કવિ મળી ગાવે ।

મેં કહ્યું વિચારી મનમાંઈ, નથી કરતો હું વાત વડાઈ ॥૪૮॥
જેમ છે તેમ કહ્યું મેં જન, સત્ય માનજયો મારું વચન ।
હશે સત્યવાદી સંત જેહ, સત્ય માનશે મનમાં તેહ ॥૪૯॥
હશે દુષ્ટ દંભી ને નાસ્તિક, કહેશે ખોટી ખાંચ્યો ખોળી છેક ।
તેતો ભોગવશે ફળ તેનું, નથી નિષ્કુળાનંદને એનું ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજી મહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને અઠાવનમું પ્રકરણમ્ ॥૧૫૮॥